# રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મુખ્ય ચૂંટણી અધિકારીની બેઠક

ગાંધીનગર, તા. ૨૯

આગામી સમયમાં યોજાનાર ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ને અનુલક્ષીને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. અમદાવાદના વિશેષ અતિથિ ગૃહ ખાતે યોજાયેલી આ બેઠકમાં મીડિયા સર્ટિફિકેશન, આદર્શ આચારસંહિતા અને ચૂંટણી ખર્ચ અંગે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.





ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના સરળ અને સુચારૂ સંચાલન માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલા અધિકારીઓને તાલીમની સાથે સાથે રાજકીય પક્ષો સાથે પણ બેઠક યોજી વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જે સંદર્ભે અમદાવાદના વિશેષ અતિથિ ગૃહ ખાતે મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ડૉ. કુલદીપ આર્ય દ્વારા વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને આદર્શ આચારસંહિતા તથા ચૂંટણી ખર્ચ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી એ. બી. પટેલ દ્વારા વિવિધ માધ્યમો દ્વારા કરવામાં આવતા પ્રચાર-પ્રસાર, ખાસ કરીને ઈલેક્ટ્રોનિક મીડિયામાં આપવામાં આવતા રાજકીય વિજ્ઞાપનોના પૂર્વ-પ્રમાણિકરણ અંગે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને મુદાસર જાણકારી આપવામાં આવી હતી. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ પાસેથી મળેલા સૂચનો આવકારી તેમના પ્રશ્નો અંગે ચર્ચા કરી યોગ્ય પ્રત્યુત્તર આપ્યો હતો. આ બેઠકમાં અમદાવાદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધવલ પટેલ, નાયબ સચિવ શ્રી નીતિન આચાર્ય, નાયબ સચિવ શ્રી દિલીપ ભાવસાર તથા નાયબ કલેક્ટર શ્રી આલોકસિંઘ ગૌતમ સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

ભગવાન શ્રીકૃષ્ણએ ઈન્દ્રના ક્રોધ અને અત્યાચાર સામે વ્રજવાસીઓનું રક્ષણ કરવા પોતાની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉંચકયો હતો..આ પ્રંસગની યાદગીરી નિમિતે કારતક દીપોત્સવ ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે તા. ૨૬ ઓક્ટોબર, ૨૦૨૨ બુધવારના રોજ ગોવર્ધનપૂજા અને અન્નકૂટ મહોત્સવ ઉજવવામાં આવ્યો જેમાં ખુબ જ ઉત્સાહથી ભાવિભકતોએ ઉપસ્થિત રહીને આ ઉત્સવનો લાભ લીધો હતો.





ગોવર્ધનપૂજા અને અન્નકૂટ મહોત્સવની મહત્તા વિશે જણાવતા હરેકૃષ્ણ મંદિર,ભાડજના અધ્યક્ષ સ્વામી શ્રી જગનમોહન કૃષ્ણ દાસાએ જણાવ્યું કે ''જયારે સર્વ શક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ એ નિહાળ્યું કે વ્રજવાસીઓ ઈન્દ્રયજ્ઞ કરી રહ્યા છે. ત્યારે ભગવાનશ્રી એ કહ્યું કે તેઓએ ઈન્દ્રની પૂજા છોડી દઈને ગોવર્ધન પર્વતની પૂજા કરવી જોઈએ. આ વાત જાણીને ઈન્દ્ર ક્રોધીત થાય છે અને વ્રજવાસીઓ પર વિનાશકારી વરસાદ વરસાવે છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ડાબા હાથની ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વતને ઉંચકી લે છે અને બધા વ્રજવાસીઓને તેની છાયામાં સતત સાત દિવસ સુધી આશ્રય આપે છે. ઈન્દ્ર પોતે કરેલ દુષકૃત્ય પ્રત્યે સભાન થાય છે અને ભગવાન શ્રીકૃષ્ણ સમક્ષ ક્ષમા યાચના કરે છે. આથી સર્વ શક્તિમાન ભગવાન જણાવે છે કે જે ભક્ત પોતાની શરણમા રહશે તેમજ તેમની ભાવપૂર્વક ભક્તિ કરવામાં વ્યસ્ત રહેશે તે ભક્ત બધા જ બંધનથી મુક્ત થાય છે અને બીજા કોઈ દેવીદેવતાઓની સાંસારીક વસ્તુની કૃપા મેળવવા પૂજા કરવાની રહેતી નથી. આ શુભ પ્રસંગને શ્રીમદ્ ભાગવતના દશમાં સ્કંધમાં ગોવર્ધનલીલા તરીકે વર્ણવવામાં આવ્યો છે જેમાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ગોવર્ધન પર્વત એ પોતાનું એક સ્વરૂપ છે અને મારા સમાન જ પૂજનીય છે. ભગવાન શ્રીકૃષ્ણ કરેલ અમૂર્તકલ્પનારૂપ આ લીલાની યાદગીરી રૂપે હરેકૃષ્ણ મંદિર,ભાડજ દ્વારા વાર્ષિક ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની ઉજવણી મંદિર ખાતે કરવામાં આવી જેમાં આશરે ૧૫૦ કરતા પણ વધુ જુદા જુદા વ્યંજનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌને આકર્ષિત અને અતિમોહક ભગવાન શ્રી શ્રી રાધામાધવને ભવ્ય ''સ્વર્ણરથ'' માં શાનદાર સવારી કરાવવામાં આવી જેમાં ભકતો ભગવાન શ્રી કૃષ્ણના ગુણગાન ગાતા સંકિર્તન ગાઈને જોડાયા હતા''.

## પંચાયત તલાટીની ભરતી અટકી

# ૧૭ લાખ ઉમેદવારોએ નવી સરકાર બને તેની રાહ જોવી પડશે

ગાંધીનગર, તા. ૨૯

પંચાયત તલાટીની ૩૪૩૭ જગ્યાઓ પરની ભરતી માટે હવે વધુ રાહ જોવી પડશે. નવી સરકાર બને નહીં ત્યાં સુધી ભરતી થાય તેવી કોઈ શક્યતા નથી.




છેલ્લા ઘણા સમયથી પંચાયત તલાટીની ભરતીની રાહ જોઈ રહેલા ઉમેદવારોને વધુ રાહ જોવી પડી શકે તેમ છે. પંચાયત તલાટીની ૩,૪૩૭ જગ્યાઓ પરની ભરતી માટે ગયા વર્ષે જાન્યુઆરીમાં ફોર્મ ભરાયા હતા. એક વર્ષ જેટલો સમય વીત્યા પછી પણ સરકારે પરીક્ષાની તારીખો જાહેર ન કરતાં ઉમેદવારોને નિરાશા સાંપડી છે. ડિસેમ્બરના અંત ભાગમાં નવી સરકારની રચના થયા બાદ હવે આવતા જાન્યુઆરીમાં જ પરીક્ષાની તારીખો આવી શકે છે.

આ ભરતીમાં ૨૩ લાખ જેટલા વિક્રમી સંખ્યામાં નોકરી વાંચ્છુઓએ ફોર્મ ભર્યા હતા. જેમાંથી ૧૭.૨૦ લાખ ઉમેદવારોના ફોર્મ ચકાસીને અંતે માન્ય ઠર્યા હતા. ઉમેદવારોએ પંચાયત વિભાગને લેખિત અને સોશિયલ મીડિયાના માધ્યમ થકી ભરતી પરીક્ષા જલ્દી લેવા રજૂઆત કરી હતી. પરંતુ તેનું કોઈ પરિણામ સાંપડ્યું નથી. આ ઉપરાંત ૧૦ લાખ જેટલા ઉમેદવારો જુનિયર કલાર્કની ભરતી પરીક્ષાની રાહ જોઈ રહ્યા છે. ભરતી સંદર્ભની આગળની તમામ કાર્યવાહી હવે નવી સરકારની રચના બાદ જ થશે.

# આજે છઠ્ઠ પૂજા : સૂર્ય પૂજાનું મહાપર્વ

## છઠ્ઠ પર્વમાં સૂર્યને અર્ઘ્ય આપીને સુખ-સમૃધ્ધિની પ્રાર્થના કરવામાં આવે છે : સૂર્યનો આભાર પ્રગટ કરવા માટે લોકો પ્રાચીન સમયથી જ સૂર્ય પૂજા કરતાં આવ્યા છે

ગાંધીનગર, તા.૨૯

કારતક સુદ છઠ્ઠના દિવસે છઠ પૂજાનું અનેરૂ મહત્વ મનાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં છઠ્ઠ પૂજાને લોકમેળો તરીકે વિશેષ મહત્વ મળ્યું છે જેના કારણે આ ઉત્સવ ખુબજ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. છઠ્ઠ પૂજા સૂર્ય અને શાષ્ટિ દેવીને સમર્પિત છે. આ પૂજાનો ઉદ્દેશ તેમના દ્વારા આપવામાં આવેલી પૃથ્વી ઉપર સમૃધ્ધિનો આભાર માનવા અને ઈચ્છાપુર્તિ માટે વિનંતી કરી તેમનો આશીર્વાદ પ્રાપ્ત કરવાનો છે. છઠ્ઠ એ એક પ્રાચીન હીન્દુ વૈદિક તહેવાર છે. જે ઐતિહાસિક રૂપે ભારતીય ઉપખંડમાં ખાસ કરીને ભારતીય રાજયો બિહાર, ઝારખંડ, ઉત્તરપ્રદેશ અને નેપાળના મધ્ય ક્ષેત્રમાં ઉજવવામાં આવે છે. આ તહેવારમાં મૂર્તિ પૂજા કરવામાં આવતી નથી તેની વિપરીત તેના છઠ્ઠી મૈયા અને સૂર્ય ભગવાન સૂર્યની તેમના પત્ની ઉષા અને પ્રત્યુષા (વૈદિક પરંપરામાં પરોઢ અને સાંજની દેવીઓ)ની પૂજા કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે સૂર્ય શક્તિના મુખ્ય સ્ત્રોત તેમની પત્ની ઉષા અને પ્રત્યુષા છે. છઠ્ઠમાં સૂર્યની સાથે આ બન્ને શક્તિઓની સંયુકત ઉપાસના કરવામાં આવે છે. સવારે સૂર્યના પ્રથમ કિરણ (ઉષા)ની પૂજા અને સૂર્યની અંતિમ કિરણ (પ્રત્યુષા)ની પુજા એમ બંનેની પૂજા કરવામાં આવે છે અને ધાર્મિક વિધિઓ કપરી હોય છે. ચાર દિવસ સુધી આ વિધિઓ ચાલે છે. જેમાં પવિત્ર સ્નાન, ઉપવાસ, જળ સહિતનો ત્યાગ, લાંબા સમય સુધી પાણીમા ઉભા રહેવું, સૂર્યદેવને અર્ધ્ય અર્પણ કરવું જેવી વિધિઓનો સમાવેશ થાય છે. ત્યારે ગુજરાતમાં વસવાટ કરતી પરપ્રાંતિય મહિલાઓ છઠ્ઠ પૂજા વિશેષ કરતી નજરે પડે છે.



કારતક સુદ છઠ્ઠના દિવસે છઠ્ઠ પૂજાનું અનેરૂ મહત્વ છે. તા.૩૦મી ઓકટોબરના રોજ છઠ્ઠ પૂજા કરવામાં આવશે ત્યારે પૂજાની તૈયારીના ભાગરૂપે સાબરમતી નદીમાં સફાઈની કામગીરી કરવામાં આવી હતી.

### છઠ્ઠ પૂજા મુહુર્ત :

તા.૩૦ ઓકટોબરે સાંજે ૫.૩૭ કલાકે અસ્તગામીને અર્ધ્ય આપવાનું મુહુર્ત છે. તેમજ તા.૩૧મીએ સવારે ૬.૩૨ કલાકે ઉગતા સૂર્યને અર્ધ્ય આપવાનું મુહુર્ત છે.

### છઠ્ઠ પૂજાની માન્યતા :

માન્યતા છે કે છઠ્ઠ પૂજાની શરૂઆત મહાભારત કાળથી ચાલુ થઈ હતી. કર્ણ દરરોજ કમર સુધી પાણીમાં કલાકો સુધી ઉભા રહીને ઉગતા સૂર્યને અર્ધ્ય આપતા હતા અને પૂજા કરતા હતા. સૂર્યદેવની કૃપાથી તે મહાન યોધ્ધા બન્યા અને તેણે કવચ-કુંડળ મળ્યા હતા. જેથી આ વ્રતમાં પણ કમર સુધી પાણીમાં ઉભા રહીને ઉગતા સૂર્યને જળ અર્પણ કરાય છે.

### સૂર્યદેવનો આભાર માનવામાં આવે છે

સૂર્યને કૃષિનો આધાર માનવામાં આવે છે કેમકે સુર્ય વાતાવરણમાં પરિવર્તન લાવે છે. સુર્યના કારણે જ વાદળ જળ વરસાવવામાં સક્ષમ બને છે. સૂર્ય અનાજને પકવે છે. એટલે સૂર્યનો આભાર પ્રગટ કરવા માટે પ્રાચીન કાળથી પૂજા કરવામાં આવી રહી છે.





નૂતન વર્ષના મંગલ પ્રારંભે પંચદેવ મંદિર સેકટર-૨૨ ખાતે ભક્તોની ભીડ જામી હતી. વહેલી સવારથી જ દર્શનાર્થીઓએ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. હિન્દુ ધર્મમાં મોટા ભાગે લોકો નવીન કાર્ય હોય કે કોઈ શુભ પ્રસંગ ભગવાનના દર્શન સૌ પ્રથમ કરવામાં આવે છે. તે જ રીતે નવા વર્ષની શરૂઆત ભક્તોએ ભગવાનના દર્શનનો લહાવો લઈને કરી હતી.



સેકટર-૫/બી વોર્ડ નં.૮ ખાતે સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં ગાંધીનગર મનપાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ તથા અંબુસિંહ ગોલ ઉપસ્થિત રહયા હતા. સર્વેને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.